વડીલોને વંદન અભિનંદન

હસમુખલાલ ભોગીલાલ શાહ
(૧૯૪૩) ફોન: ૨૩૨૨૬૬૯૧

કમલ સિતારા
(૧૯૫૪) ફોન: ૨૩૨૩૭૭૩૨

બિપીનચંદ્ર એસ. ઠાકર
(૧૯૩૮) મો.૯૦૩૩૫૭૧૯૦૫

મણીબેન એન. મહેરિયા
(૧૯૫૦) મો.૯૭૩૭૭૪૪૫૪

આજે સ્વિપાના સોલ્વ્ડ પેપરોનું પુસ્તક પ્રકાશિત થશે

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદ સ્થિત એચ.ટી. પારેખ કન્વેન્સન સેન્ટર ખાતે આવતીકાલ ૧૭મી જુલાઈ-૨૦૧૪ના રોજ ૫.૩૦ કલાકે સ્પર્ધાત્મક પરીક્ષાઓના જાણીતા શિક્ષક હિરેન દવે સંકલિત પુસ્તક '78 SOLVED PAPERS :GPSC' નું વિમોચન ડૉ. વી.વી. રામ સુબ્બારાવના હસ્તે કરવામાં આવશે. જેમાં નવગુજરાત સમય દૈનિક વર્તમાનપત્રના તંત્રી અજય ઉમટ અને સ્વીપાના પૂર્વ સંયુક્ત નિયામક જસવંત આચાર્ય ઉપસ્થિત રહેશે. તેમ આયોજકોએ જણાવ્યું હતું.

ખેડબ્રહ્માના કરૂડા ગામમાં વાવાઝોડામાં બે ઘરનાં પતરા ઉડયા

બાવળનું ઝાડ તથા એક વીજળીનો થાંભલો ધરાશાયી : એક જ રાત્રીમાં ખેડબ્રહ્મામાં ૫૦ મી.મી. વરસાદ નોંધાયો

ખેડબ્રહ્મા, તા.૧૬

ખેડબ્રહ્માના કરૂડા ગામમાં મંગળવારે રાત્રે ત્રાટકેલા વાવાઝોડામાં

(તસવીર : રમેશ વૈષ્ણવ)

બે મકાનમાં લાકડા સાથેના પતરા ઉડયા હતા જયારે એક વીજળીનો થાંભલો તથા બાળવનું ઝાડ ધરાશાયી થયા હતા. બાવળના ઝાડ નીચે બાંધેલા છ પશુઓનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ખેડબ્રહ્મામાં ૫૦ મી.મી. વરસાદ નોંધાયો હતો જેથી ખેડૂતોને ખુશખુશાલ કરી દીધા હતા.

છેલ્લા કેટલાય સમયથી લોકો ગરમીથી રાહત મેળવવા તથા ખેડૂતો ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા તે મેઘરાજાએ મંગળવારે રાત્રે ધમાકેદાર એન્ટ્રી કરી હતી અને એક જ રાતમાં ૫૦ મી.મી. વરસાદ નોંધાતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને ખેડૂતોને હાશકારો મળ્યો હતો. ખેડબ્રહ્મા તાલુકાના કરૂડા ગામમાં મંગળવારે રાત્રે ૯ થી ૧૦ વાગયાના ગાળામાં પ્રતાપભાઈ સરદારભાઈ વણજારાનો સાત વ્યકિતઓનો પરિવાર મકાનની ચોપાડના પતરાના શેડ નીચે નીંદર માણી રહ્યા હતા ત્યારે વરસાદ સાથેના વાવાઝોડામાં ચોપાડનો પતરાંવાળો શેડ લાકડાં સાથે ૨૦૦ ફૂટ દૂર ઉડીને પડયો હતો. એક પતરૂ લાકડા સાથે ઝાડ ઉપર લટકતું જોવા મળ્યું હતું. બાર માસ અગાઉ જ નવીન બનાવેલ પતરાનો શેડ વાવાઝોડામા ઉડી જતાં પ્રતાપભાઈને મોટું નુકશાન થવા પામ્યું છે. જયારે

એક વીજળીનો થાંભલો પડી ગયો હતો. કરૂડા ગામના જ લાલાભાઈ માધાભાઈ વણઝારાના મકાનનાં પતરાં ઉડી ગયાં હતાં. રણછોડભાઈ રૂપાભાઈ વણજારાની બે ગાયો-બે બળદ અને બે ભેંસો બાવળના ઝાડ નીચે બાંધેલી હતી. આ બાવળનું ઝાડ વાવાઝોડામાં ધારાશાયી થયું હતું. છતાં આ છ પશુઓનો આબાદ બચાવ થયો હતો.

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર લાઈનની પૂરણી બરાબર કરવામાં ન આવતાં વરસાદના કારણે સરદાર ચોકથી આઝાદ ચોક સુધી ના રસ્તામાં ૩ થી ૪ જગ્યાએ ૧૫ થી ૨૦ ફૂટ લાંબા ઉંડા ખાડા પડી જવા પામ્યા હતા. જે કોન્ટ્રાકટરના ધ્યાન ઉપર આવતાં તાત્કાલિક પૂરણી કરી ખાડા પૂરી દેવામાં આવ્યા હતા.

(તસવીર : નરસિંહ પટેલ, વડાગામ)

વડાગામ સહિત અરવલ્લી જિલ્લામાં ધીમી ધારે મેઘરાજાનું આગમન થઈ ચુકયું છે. પરંતુ વરસાદ જાણે આવીને મોઢું બતાવીને જતો રહ્યો હોય તેમ થોડી વાર વરસીને બંધ થઈ ગયો હતો. જેને લઈ ખેડૂતોમાં હાલ પણ ચિંતાના વાદળો ઘેરાઈ રહ્યા છે. જયારે રહીશો અસહ્ય બફારા અને ગરમીને લઈ ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

તલોદની અગ્રણી નાગરીક બેંકની ચૂંટણીમાં વિલંબ થતાં સભાસદોમાં અનેક ચર્ચાઓ

તલોદ, તા. ૧૬

તલોદ વેપારી મથકમાં અગ્રણી ગણાતી નાગરીક સહકારી બેંકની ચૂંટણી છેલ્લા કેટલાય વખતથી મુદત પૂરી થવા છતાંય ન થવાના કારણે ૮૦૦૦ જેટલા સભાસદોમાં તર્ક-વિતર્કતા ફેલાઈ છે. બીજી તરફ બેંકના મેનેજરે ચૂંટણી અધિકારીને લેખીતમાં જાણ કરી ચૂંટણી કરવા પણ જણાવ્યું છે. છતાંય ચાલુ વર્ષે ત્રણ જેટલા ડિરેક્ટરો ફારેગ થવાના કારણોસર ચૂંટણી અગમ્ય કારણોથી પાછી ઠેલાઈ રહી છે. જે અંગે ગામના જ સભાસદો ચૂંટણી અધિકારી પર અનેક આક્ષેપો કરી રહ્યા છે. જાણવા મળતા નાગરીક બેંકના કેટલાક આગેવાનો પદ પર ચિમકી રહેવા માટે હવાતીયા મારી રહ્યા છે. જેને ચૂંટણી અધિકારી મદદ કરી રહ્યા હોવાની બૂમરાણ સભાસદોમાં ચર્ચાઈ રહી છે.

આમ છતાંય કેટલાક ટાઈમથી સભાસદોમાં આવી અફવાઓનો ખૂલાસો બેંકના સત્તાવાળાઓ જાહેરમાં ખૂલાસો કરતા નથી. જેને લઈ સભાસદોમાં શંકા-કુશંકા ઉભી થવા પામી છે. કેટલાક સભાસદો એવું પણ જણાવે છે કે છેલ્લા કેટલાય સમયથી બેંકમાં લોનો બંધ છે તેમ છતાંય નાગરીક બેંક વર્ષે કરોડોનો નફો કાગળ પર બતાવી બેંક સભાસદોને ગેરમાર્ગે દોરી રહી છે. જ્યારે કેટલીય હાયર પરચેઈઝ લોનોમાં કરોડોની ઘાલ બાદ હોવાનું પણ તલોદના અગ્રણી સભાસદોમાં ચર્ચાઈ રહ્યું છે.

પાલનપુરમાં મેઘરાજાની પધરામણી

પાલનપુર, તા. ૧૬

ભારે બફારા અને ગરમી વચ્ચે આખરે પાલનપુરમાં મંગળવારે રાત્રીના ત્રણ વાગ્યા બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. તેની થોડીક જ ક્ષણોમાં વિજ પુરવઠો

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ખોરવાઈ ગયો હતો. સવારે ૫.૩૦ સુધી ઝરમર વરસાદથી સર્વત્ર ખુશાલી પ્રસરી હતી.

આજે વરસાદી માહોલથી ઘણા સમયથી ગરમી-બફારાથી ત્રાહીમામ પોકારી ઉઠેલ શહેરીજનો, અબોલ-પશુપંખીમાં ખુશાલી સાથે આનંદ પ્રસર્યો છે. માત્ર ૪૪ મી.મી. વરસાદમાં શહેરમાં આવેલ ભૂગર્ભ ગટરો કે જે સફાઈના અભાવે અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી અને ગટરના પાણી ભળી જતાં ભારે કાદવકીચડ સાથે ગંદકીએ માઝા મુકી હતી.

શહેરના મહિલામંડળ પાસે આવેલ હરીઓમ સોસાયટીની પ્રોટેકશન વોલ સરકિટહાઉસ પાછળના વિસ્તારમાં આવેલ સ્વસ્તીક હાઈ. નજીક કોર્ટ વિસ્તારમાં હાઈવેની અનેક નીચાણવાળી સોસાયટીમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. હરિપુરા, મફતપુરા, જનતાનગર, ગઠામણ ગેટ, પોલીટેકનીક કોલેજ, નવી આર.ટી.ઓ. નજીક આવેલ દુકાનો, આબુ હાઈવે સ્વસ્તીક હાઈ. સામે સર્જન હોલ કોમ્પલેક્ષની દુકાનોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

એકંદરે વરસાદે ઘણી રાહ જોવડાવ્યા બાદ પધરામણી કરતા ધરતીપુત્રો સહિત આમ જનતા અબોલ પશુ-પંખીઓ ઠંડકનો અહેસાસ કરતા આનંદની લાગણી અનુભવી છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આ વર્ષે વરસાદ ખેંચાતા લોકો વરસાદની ચાતક નજરે રાહ જોઈ બેઠા હતા. ત્યારે અડધો અષાઢ માસ વિત્યા બાદ મેઘરાજાએ પધરાણી કરતાં લોકોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. ડીસા પથકમાં લાંબી રાહ જોવડાવ્યા બાદ વરસાદનો પ્રથમ રાઉન્ડ શરૂ થતાં લોકો તેમજ ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી. જ્યારે વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ અનેક જગ્યાએ તેમજ ભુગર્ભ ગટર પરની જમીનો બેસી જવા પામી હતી. જ્યારે વરસાદના આગમનથી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

શબ્દાવલી - ૫૪૪૯

૧	૨	૩	■	૪		૫	૬
૭			■		■	૮	
	■	■	૯	■	૧૦		
	■	૧૧				■	
૧૨	૧૩	■		■	૧૪		
■	૧૫			૧૬		■	■
૧૭		■	૧૮			૧૯	૨૦
૨૧			■	■	■	૨૨	

આડી ચાવી

૧. ચુનો પકવનાર કે ધોળનાર (૩)
૪. સફલતા, જેવી દાનત તેવી... (૪)
૭. કેર, જુલમ (૩)
૮. રાન, જંગલ (૨)
૧૦. મફત પાણી પીવરાવે તે સ્થળ (૩)
૧૧. જર્જરીત, જૂનું પુરાણું (૪)
૧૨. નાડી, નસ (૨)
૧૪. ઊંચા કુળનું, ખાનદાની(૩)
૧૫. સાડીમાં માથે ઓઢવાની જગ્યાએ અસ્તર જેવો ટૂકડો લગાવે તે (૫)
૧૭. કંઇ પણ, કંઇક (૨)
૧૮. સુહાગરાત (૫)
૨૧. વળાવેલ, મોકલેલ (૩)
૨૨. હાથી એક માપ (૨)

ઊભી ચાવી

૧. ચાડી ખાનાર-કરનાર (૫)
૨. હાવભાવ, લાડ (૨)
૩. રૂઆબ (૨)
૪. દેવને ખુશ કરનાર માનવ-પશુની આહુતિ (૨)
૫. લીફાફો, પરબીડીયું (૩)
૬. શરીર, અતિ પ્રિય (૫)
૯. લખાણમાં વાક્યને અંતે મુકાતું ટપકું (૫)
૧૦. પાંદડાની બનાવેલ ઝૂંપડી(૫)
૧૩. ગમગીન, દુઃખી (૪)
૧૬. ખુબ વધારે (૨)
૧૭. કાવ્ય બનાવનાર (૨)
૧૯. જગત, પાણી ભરવાનું પાત્ર (૨)
૨૦. પોતાની જાત માટે, સ્વ(૨)

શબ્દાવલી ૫૪૪૮ના જવાબ

આડી ચાવી :- (૧) ખટકાગ (૪) દફન (૬) ટચ (૭) ગલીયારી (૮) લોકી (૯) યાન (૧૬) ડગળી (૧૮) દીવાકર (૨૧) પરાયુ (૨૨) જસ (૨૩) સગપણ (૨૪) બથ

ઊભી ચાવી :- (૧) ખટકો (૨) ટચકીયુ (૩) ગગનચુંબી (૪) દયા (૫) ફરીયાદ (૧૦) નખપાર (૧૨) ગીરદી (૧૪) કડપ (૧૫) કળીયુગ (૧૭) ગરાસ (૧૯) વાજ (૨૦) કસબ

ચિંતન શિબિર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાનું અભિયાન હાથ ધરાયું છે. ત્યારે સ્વચ્છતાની સાથે શિક્ષણનું સ્તર સુધારવા પણ આચાર્યોની બેઠકનો દૌર આરંભી દેવાયો છે. ગાંધીનગર જિલ્લામાં પણ સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી નિરાશાજનક હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. આવા સંજોગોમાં જિલ્લાની તમામ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા શિક્ષણ તંત્ર દ્વારા તબક્કાવાર ચિંતન શિબિર યોજવામાં આવી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારી બારડે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે દહેગામ તાલુકામાં શાળાઓમાં ગુણવત્તાયુકત શિક્ષણ તેમજ સ્વસ્થ વિદ્યાર્થીના અભિયાનને અનુલક્ષી આચાર્યોની સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં દહેગામ તાલુકાની ૫૦ માધ્યમિક શાળાઓના આચાર્યોએ હાજરી આપી હતી. આ દરમિયાન શાળાઓનું આંગણું સ્વચ્છ રાખવા માટે આચાર્યો તેમજ વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત શાળાઓમાં પરિણામની ટકાવારી સુધારવા પણ વધારાના વર્ગોનું આયોજન કરવા ઉપરાંત જરુરી સૂચના આપવામાં આવી હતી. શાળાઓમાં પરીણામની ટકાવારી ૭૫ ટકાથી ઓછી ન હોવી જોઈએ તે માટે ગુણવત્તાયુકત શિક્ષણ માટે સજાગ અને પ્રયત્નશીલ રહેવા પણ સૂચના આપવામાં આવી હતી.

અધિકારીઓ સાથે ચિંતન

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તાકીદ કરશે. ૨૫મી પછી સરકાર રાજ્યમાં આનાવારીના આધારે દુષ્કાળની સ્થિતિ અંગેની વિધિવત્ ઘોષણા કરશે. રાજ્યમાં પેયજળ માટે પાણી પુરવઠા વિભાગે રૂ. ૧૦૪ કરોડનો માષ્ટરપ્લાન તૈયાર કરી દીધો છે. ઘાસાચારાની જરૂરિયાતને ધ્યાને લીધા બાદ અન્ય રાજ્યોમાંથી ખરીદવું કે કેમ ? તેના પર સરકાર હવે પછી નિર્ણય લેશે.

આ ઉપરાંત અછતની સ્થિતિને ધ્યાને રાખી જિલ્લાકક્ષાએ પણ ખાસ જગ્યાઓ ઉભી કરવાની થશે તે બાબતે પણ આજની બેઠકમાં ચિંતન થશે. આજની આ મહત્વની બેઠકમાં લોકોને રોજી મળી રહે તે રીતે રાહતકામોમાં કયા કામોને અગ્રતા આપવી તેના વિશે પણ ચર્ચાઓ થશે. ખાસ કરીને મનરેગા પર વિશેષ ભાર મુકવામાં આવશે. મનરેગા એ કેન્દ્ર પુરસ્કૃત યોજના હોવાથી રાજ્યની તિજોરી પર ઓછો આર્થિક બોજ પડે તેવી વ્યુહરચના તૈયાર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. રાજ્ય સરકાર હાલ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું હોવાથી તેનું ધ્યાન વૈધાનિક કામગીરી પર વધુ છે પરંતુ હવે સત્ર પણ તેની મધ્યાહને પહોંચી ચુક્યુ હોવાથી ૨૫મી પછી સરકાર તેનું બધુ જ ધ્યાન અછત પર કેન્દ્રીત કરે તેવા સંકેતો મળી રહ્યા છે. આ માસના અંતમાં કેન્દ્ર સરકાર સમક્ષ સહાય માટે વિધિવત્ આવેદન-પત્ર પણ મોકલવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો મહેસુલ વિભાગમાંથી મળી રહ્યા છે.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફૂટપાથ બનાવવાની કામગીરી અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ માટેનું ટેન્ડર મંજુર થઈ ચુકયું છે. આ માટે રૂ. ૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે અને કામગીરી ટૂંકમાં શરુ થશે.

● સરકારી આવાસોનું સમારકામ

કોંગીના શ્રી રમેશભાઈ ચાવડાએ સે-૨૨માં 'ચ' ટાઈપના સરકારી આવાસોના સમારકામની અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે જુના વાયરીંગની ૨૫, પંખાની ૧૩ અને બારી બારણાની ૧૫ અરજીઓ ૩૧-૩-૧૪ની સ્થિતિએ મળી હતી.

● બળાત્કાર પીડીતાનું પુનઃ વસન

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં બળાત્કાર પીડીતાઓના પુનઃવસન અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા કલ્યાણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૫ પીડીતાઓનું પુનઃવસન કરાવવામાં આવ્યું છે.

● આંગણવાડીઓની સંખ્યા

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓની સંખ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૦૬૧ આંગણવાડી કેન્દ્રો છે.

જેમાં ગાંધીનગર તાલુકામાં ૩૨૭, દહેગામમાં ૨૫૬, માણસામાં ૧૭૩ અને કલોલમાં ૩૦૫ આંગણવાડી કેન્દ્રો ચાલે છે.

આ પૈકી જિલ્લામાં ૧૯૫ આંગણવાડી કેન્દ્રો હાલ ભાડાના મકાનમાં કાર્યરત છે અને આ આંગણવાડી કેન્દ્રો સત્વરે તેના સ્વતંત્ર મકાનમાં કાર્યરત થાય તેવું આયોજન થઈ રહ્યું છે તેમ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● ચિરંજીવી યોજના

ગાંધીનગર (ઉ) ના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૧૯૨ અને ૨૦૧૩-૧૪માં ૭૪૫ લાભાર્થી મળી કુલ ૧૯૩૭ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે.

જે પાછળ વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૨,૮૮,૯૨૫ અને ૨૦૧૩-૧૪માં ૨૪,૬૮,૫૫૦ મળી કુલ રૂ. ૫૭,૫૭,૪૭૫નો ખર્ચ થવા પામ્યો છે. તેમ પણ આરોગ્ય મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● વાહન નોંધણીની આવક

કોંગીના કલોલના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલા વાહનો અને આવક અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૮૯,૫૨૪ વાહનોની નોધણી આ સમયગાળામાંથી છે અને તેને કારણે રૂ. ૧૬૪.૩૪ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

તેમણે અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૭૦,૮૮૧ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ માટેના સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું છે કે તાલુકા મથકોએ વાહન નોંધણી માટેના કેમ્પ દર માસે એક વાર યોજવામાં આવી રહ્યા છે.

ટચૂકડી જાહેર ખબર

LIC's (NPS)
૧૨૦૦૦ માસિક પેન્શન આજીવન, ૩૦ લાખ વીમા કવચ આજીવન, માત્ર રૂ. ૬૦/-ની રોજની બચત
મો. : ૯૪૨૬૧ ૭૧૮૫૮

ભાડે આપવાનું છે
સરગાસણમાં 3-BHK ફ્લેટ, ૭૦૦૦/- રૂ. ભાડેથી આપવાનું છે.
મો. : ૯૨૨૮૮ ૭૬૩૩૬

ભાડે વેચાણ આપવાનું છે
2BHK, 3 BHK, ફ્લેટ, મકાન, બંગલો, ઓફિસ, દુકાન ભાડે આપવા તથા લેવા સંપર્ક કરો.
મો. : ૯૨૨૮૮ ૭૬૩૩૬

ખેડબ્રહ્મામાં માતેલા સાંઢની જેમ ટ્રક કોટ તોડી ઘરમાં ઘુસી ગઈ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મામાં પટેલ સોસાયટીમાં આવેલ એક મકાનનો કોટ તોડી ટ્રક મકાનમાં ઘુસી જતા મકાન માલિકને મોટુ આર્થિક નુકસાન થવા પામ્યું છે. મકાન માલિકની સમય સુચકતાથી કોઈ જાન હાની થવા પામી નથી.

ખેડબ્રહ્મા-લક્ષ્મીપુરા રસ્તાનું નવીનીકરણનું કામ પ્રગતિમાં છે. આ રસ્તાનું કામ ગોકળગાયની ગતિએ ચાલતુ હોવાથી રાહદારીઓ સહીત વાહનચાલકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ત્યારે આ રસ્તાનું ડાયવરઝન સ્ટેટ હાઈવેથી પટેલ સોસાયટી-ચાંપલપુર વસાહતમાંથી આપવામાં આવ્યું છે. જેથી પટેલ સોસાયટીમાંથી ભારે વાહનોની અવર-જવર વધી જવા પામી છે. મંગળવારે સવારે સરકારી ગોડાઉનમાં ઉતારવા માટે ઘઉં ભરીને જતી ટ્રક નંબર જીજે-૦૧-સીયુ-૭૩૩૬ ના ચાલકે બેફામ ડ્રાઈવીંગ કરતાં પંચાલ પ્રભુદાસ ડાહ્યાભાઈના મકાનનો કોટ તોડી કંપાઉન્ડમાં ઘુસી ગઈ હતી. સદનસીબે ટ્રક બંધ થઈ જતા મકાનમાં ઘૂસતા અટકી ગઈ હતી. બહાર બેઠેલા ઘરના સદસ્યો સમયસૂચકતા દાખવી બહાર રોડ ઉપર આવી જતા કોઈ જાન હાની થવા પામી નથી.

જાહેર નિવિદા

પ્રિન્ટર તથા 4 in 1 ફેક્સ મશીન રીપેરીંગ તથા તેના ટોનર રીફીલીંગ કરવા અંગેની નિવિદા

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૧-૧૨-૧૪, બીજો માળ, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર. ફોન નંબર : ૨૩૨૫૭૫૦૦-૫૦૩

કચેરીના પ્રિન્ટર તથા 4 in 1 ફેક્સ મશીન રીપેરીંગ તથા ટોનર / રીબન રીફીલીંગ માટેની વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તા. ૨૩/૭/૨૦૧૪ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી મળશે.

સહી/-
નાયબ શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૭૩૧/૧૪-૧૫

જાહેર નિવિદા

અત્રેની કચેરીના ઉપયોગ સારૂ A/4 સાઈઝના કોપીયર પેપરનો માસિક ૧૦૦ રીમની સરેરાશથી વાર્ષિક જરૂરીયાત મુજબ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન અંદાજે ૧૨૦૦ રીમ ખરીદવાના હોવાથી રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૭માં સિલબંધ કવરમાં ભાવપત્રક તેમજ કોપીયર પેપરનો નમુનો અને કોપીયર પેપરના બ્રાન્ડના નામ તથા GSMની માહિતી સહિત દર્શાવી નીચે જણાવેલ સરનામે મોકલી આપવા.

નાયબ નિયામક (PLM-5)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, સેક્ટર નં.૧૮, ગાંધીનગર

માહિતી/૭૩૩/૧૪-૧૫